સંક્ષિપ્ત સમાચાર

તરસાડીની સાયન્સ કોલેજમાં વક્તૃત્વ સ્પર્ધા



હથોડા: તરસાડીની સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ઇન્ટરસ્કૂલ હાયર સેકન્ડરી વક્તૃત્વ સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં વિવિધ સ્કૂલમાંથી ટોટલ ૧૪ વિદ્યાર્થીએ ભાગ લઈ અલગ અલગ વિષયો પર પોતાના સુંદર વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. મહેમાનોને કોલેજના આચાર્ય ડો.કેતન નિઝામા દ્વારા શબ્દોથી સ્વાગત કરી પુસ્તકથી સન્માનિત કરાયા હતા. વિજેતા ખેલાડીઓને મેડલ સર્ટિફિકેટ ટ્રોફી અને રોકડ પુરસ્કાર ઇનામ આપી સન્માનિત કરાયા હતા અને જેમણે ફક્ત ભાગ લીધો એવા તમામ ખેલાડીઓને મેડલ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યા હતા. વિજેતા ખેલાડીઓ અને ભાગ લેનાર તમમ ખેલાડીઓને કોલેજના આચાર્ય ડો.કેતન નિઝામા અને સ્ટાફે શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપક પ્રો.બિંદુબેન બારડ અને પ્રો.જયવીરભાઈ પંચાલે કર્યું હતું. અંતે આભારવિધિ ડો.નિલેશભાઈ બારોટે કરી હતી.

વાંકલની એન.ડી.દેસાઇ શાળામાં કાર્યક્રમ


વિનોદ મૈસુરીયા

વાંકલ: શ્રી વાંકલ સાર્વજનિક કેળવણી મંડળના તમામ વિભાગો દ્વારા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શાળા કક્ષાએ સૌપ્રથમવાર મર્યાદા પુરુષોત્તમ પ્રભુ શ્રીરામના જીવનચરિત્રની વિદ્યાર્થીઓ દ્વારા નાટ્યાત્મક પ્રસ્તુતિ રામાયણનો કાર્યક્રમ ભવ્યતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ શ્રી એન.ડી.દેસાઇ સાર્વજનિક હાઇસ્કૂલ, વાંકલ ખાતે કલાકે યોજાયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા પ્રભુ શ્રીરામના જીવનચરિત્ર પર આધારિત આ અદભૂત નાટ્યાત્મક પ્રસ્તુતિએ ઉપસ્થિત સૌ કોઈના મન મોહી લીધાં હતાં. આ પ્રસંગે ટ્રસ્ટી પ્રમુખ સંજયભાઈ દેસાઈ, આચાર્ય પારસ મોદી, ડો.યુવરાજસિંહ સોનારીયા, જીતેન્દ્ર પટેલ, ગામના આગેવાનો તેમજ સમગ્ર સ્ટાફગણે ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. આ સમગ્ર આયોજનના સૌજન્યદાતા તરીકે ડો.કિશોરભાઈ કુટવાલા અને કલ્પનાબેન કુટવાલા રહ્યાં હતાં. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ વિદ્યાર્થીઓની અભિનય પ્રતિભા અને કલાની ભારે પ્રશંસા કરી હતી.

મોટી નરોલી હાઇવે પર ટેન્કરમાંથી ઓઇલ ઢોળાતાં અનેક બાઇક સ્લિપ થઈ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: મોટી નરોલી નજીક હાઇવે પરથી પસાર થતા એક ટેન્કરમાંથી કોઈક ખામીના કારણે ઓઇલ રોડ પર ઢોળાતાં અને ઢોળાયેલું ઓઇલ રોડ પર પ્રસરતા હાઇવે પરથી પસાર થતી સંખ્યાબંધ બાઇક સ્લિપ મારી ગઈ હતી. હથોડા ગામેથી પસાર થતાં મોસાલી-માંગરોળ પટ્ટીનાં ગામડાંના લોકો હથોડા થઈને હાઇવે પર જતા હોય છે, પરંતુ હાઇવે ચડતા જ મોટી નરોલી પાટિયે હાઇવે પર ઘટના બનતાં સંખ્યાબંધ લોકો ભોગ બન્યા હતા. બાઈક સ્લિપ મારી જતાં અને રોડ પર પડી જવાના બનાવ બાદ કોઈ ગંભીર ઈજા નહીં થતાં મામલો સપાટી પર આવ્યો ન હતો. જોકે, આ ઘટનાને પગલે નાના વાહન ચાલકોમાં ભય જોવા મળ્યો હતો.

આંબાપારડીની બાબા ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો

સુરત: માંડવી તાલુકાના આંબાપારડી સ્થિત બાબા ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં ફરજ બજાવતા અરવિંદભાઈ ગોપાળભાઈ પ્રજાપતિ તા.૩૧-૧૦-૨૦૨૬ના રોજ વય નિવૃત્ત થતાં તા.૩-૧૧-૨૦૨૬ના રોજ ભવ્ય નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો હતો. માંડવી નગરપાલિકાના ઉપપ્રમુખ પ્રવીણસિંહ અટોદરીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ, મહાનુભાવો, પરિવારજનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર દ્વારા તેમને સન્માનપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રાજુ રત્નાભાઈ રબારીએ કર્યું હતું.

ભરૂચમાં ૭૭ નિવૃત્ત શિક્ષકોનું સન્માન



ભરૂચ: ભરૂચ બી.આર.સી. ભવન ખાતે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, ભરૂચ દ્વારા તા.૩૧-૧૦-૨૦૨૬ના રોજ વય નિવૃત્ત, સત્રરાત નિવૃત્ત અને સ્વૈચ્છિક નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોના નિવૃત્તિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સચિન શાહ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે, જિલ્લા પંચાયતના પ્રમુખ ડિમ્પલબા રાજ, આરોગ્ય સમિતિના ચેરમેન સહિતના મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર, હાંસોટ, આમોદ, ઝઘડિયા, જંબુસર, નેત્રંગ, વાલિયા સહિતના તાલુકાઓની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ૬૫ શિક્ષકો નિવૃત્ત થતાં તેમને આજરોજ સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય ૧૨ શિક્ષકોએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. કુલ ૭૭ શિક્ષક ભાઈ-બહેનોને શાલ ઓઢાડીને પ્રમાણપત્ર, સ્મૃતિચિન્હ અને પુષ્પગુચ્છ સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ ડિમ્પલબા રાજ સહિતના મહાનુભાવો દ્વારા સન્માન આપવામાં આવ્યું હતું

ભરૂચમાં શ્રવણ ચોકડી પાસે બાઇક સવાર યુવાનનો મોબાઇલ આંચકી છૂમંતર

ભરૂચ: મૂળ દાહોદ જિલ્લાનો અને હાલમાં શિલ્પી સ્કેર કોમ્પ્લેક્સ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ ખાતે રહેતો સુનીલભાઈ ઈરસીંગભાઈ નિનામા (ઉ.વ.૨૨) છેલ્લાં ત્રણ વર્ષથી શ્રવણ ચોકડી પાસેની શ્રીઋષિ હોટેલમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૫ ઓક્ટોબરના રોજ સાંજના સુમારે તેઓ પોતાની રૂમેથી નોકરી પર જતા હતા. એ સમયે તેઓ શ્રવણ ચોકડીથી દહેજ તરફ જતા રોડ પર ક્રોમા શો-રૂમની સામે પહોંચ્યા ત્યારે તેમના હાથમાં રહેલો સ્કાય બ્લ્યુ કલરનો OPPO F25 PRO મોબાઈલ ફોન (કિંમત આશરે રૂ.૧૫,૦૦૦) પાછળથી આવેલા એક અજાણ્યા પલ્સર મોટરસાઇકલ ચાલકે આંચકી લીધો અને રોંગ સાઈડથી ભાગી ગયો હતો. ચાલક ખૂબ સ્પીડમાં વાહન ભગાવતો હોવાથી નંબર પ્લેટ વાંચી શક્યો ન હતો, તેનો મોબાઈલ જૂનો હોવાને કારણે બિલ ઘરે રહી ગયું હતું. તેથી ઘટનાના સમયે પોલીસમાં ફરિયાદ કે જાણ કરવામાં આવી નહોતી. જોકે, ઘરે જઈને મોબાઈલનું બિલ મળી આવતાં તેણે ઈ-FIR કરી હતી. જેના આધારે ભરૂચ એ ડિવિઝને ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

ભરૂચમાં સોયાબીન પાક વિશે માર્ગદર્શન

ભરૂચ: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ભરૂચ દ્વારા નેશનલ મિશન ઓન એડિબલ ઓઇલ્સ (NMEO-OS) અંતર્ગત આપવામાં આવેલ નિદર્શનના ભાગરૂપે વાલિયાના ભુલેશ્વર ગામે સોયાબીન પાક પર ક્ષેત્ર દિવસ ઉજવાયો હતો. આ પ્રસંગે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.લલિત એમ. પાટીલે (NMEO-OS)ના મુખ્ય ઉદ્દેશ વિશે જણાવ્યું કે, દેશમાં ખાદ્ય તેલમાં આત્મનિર્ભરતા હાંસલ કરવી, આયાત પરની નિર્ભરતા ઘટાડવી તથા તેલીબિયાંનું ઉત્પાદન વધારવું એટલે કે સોયાબીન, સરસવ, મગફળી, સૂર્યમુખી વગેરેનો વિસ્તાર અને ઉત્પાદકતા વધારવી એ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કેવીકે દ્વારા નિદર્શનમાં આપેલ સોયાબીન KDS-992ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, ખેતી કેવી રીતે કરવી, ખેતીનો ખર્ચ કેવી રીતે ઓછો કરી શકાય તેમજ સંતુલિત ખાતર વ્યવસ્થાપન કરીને સારું ઉત્પાદન કેવી રીતે લેવું તે અંગે જરૂરી માહિતી આપવામાં આવી હતી.

ભીમપોરમાં વીજ તાર તૂટવાની ઘટનાથીવાતાવરણમાંગરમાટો

અંડરગ્રાઉન્ડ કેબલની અધૂરી કામગીરીથી લોકોમાં આક્રોશ

ઉપસરપંચની નજર સામે જ જીવંત વીજ તાર તૂટી પડ્યો



વાલોડ: વાલોડના ભીમપોર ગામે વીજ કંપનીની આડોડાઈને લીધે ગ્રામજનો વારંવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. થોડા દિવસો અગાઉ જ મોટી દુર્ઘટના ટળી હોવા છતાં વીજ કંપનીના અધિકારી કર્મચારીઓનું પેટનું પાણી હલતું નથી. આવડી મોટી ગંભીર બેદરકારી છતાં નાનાં 29 ભૂલકાંનો ચમત્કારિક બચાવ થયો હતો. આ મામલે ડીજીવીસીએલ દ્વારા અંડરગ્રાઉન્ડ કેબલ નાંખવાની ખાતરી આપવામાં આવી હતી. જોકે, કામગીરી શરૂ કરીને બંધ કરી દેવામાં આવતાં ફરીથી ગંભીર જોખમની સ્થિતિને લઇ ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડ તાલુકાના ભીમપોર ગામમાં પ્રાથમિક શાળા ઉપર વીજતાર પડતા નાનાં ભૂલકાંના જીવ જોખમમાં મુકાયા હતા. આવી ઘટના અગાઉ પણ આજ જગ્યા ઉપર બની હતી. વીજ કંપનીની આવી મોટી બેદરકારી સામે આવી છે. અગાઉ પણ સ્થાનિકોએ આ અંગે વીજ કંપની વાલોડના નાયબ ઈજનેરને પણ રજૂઆત કરવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં ન આવી હતી. જેને લઇ ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. જેને પગલે કામગીરી ચાલુ કરવાની શરૂઆત કરી હતી. 7 દિવસમાં અંડર ગ્રાઉન્ડ કેબલ નાંખવાની કામગીરી પૂર્ણ કરવાની હતી, જે કામગીરી શરૂ કરતા જમીન પથરાળ હોય કામગીરી શરૂ થતા જ બંધ કરી દેવામાં આવી હતી. 10 દિવસ વીતી જવા છતાં કામગીરી ન થઈ અને ગતરોજ સાંજે 6.30 કલાકના અરસામાં ગામના ઉપસરપંચ રાકેશભાઈ ચૌધરી જ્યાં ઊભા હતા તેની નજીક જીવંત વીજ તાર તૂટી પડ્યો હતો. મોત સાવ નજીકથી નજરે જોયું હતું. સદનસીબે થોડાક ફૂટના અંતરે જ વીજ તાર તૂટી તેમની નજીક આવી અટકી ગયો હતો. જે બાબતની જાણ થતા ભીમપોર ગામના લોકોએ તાત્કાલિક ફીડર બંધ કરાવવા અને કામગીરી જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી સમગ્ર વીજ પુરવઠો બંધ કરવાં માંગણી કરી હતી. સાંજના 6.30 કલાકથી લોકોનો આક્રોશ વધ્યો હતો.

જે આક્રોશ આખરે રાત્રિના 10.25 કલાક સુધી રહ્યો હતો, ડીજીવીસીએલના નાયબ ઈજનેર નયનભાઈ ચૌધરી, અંકિતભાઈ સાથે સમગ્ર ટીમને લઈ કામગીરી કરવા દોડી આવ્યા હતા, પરંતુ જેટકોના અધિકારી જેવા 66 કેવી કેમ્પસમાં પ્રવેશ કરતા તેમની સાથે ગ્રામજનોએ વાતચીત કરતા હતા. જ્યાં વાત વણસતા વાતાવરણ ગરમાયું હતું. એક સમયે જેટકોના અધિકારીને ટપલી દાવ થાય તે પહેલાં વાલોડ પોલીસના જવાનોએ જેટકોના અધિકારીને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. અને આજ સવારથી કામગીરી શરૂ કરવા ડીજીવીસીએલના નાયબ ઈજનેર નયનભાઈ ચૌધરીએ હૈયા ધરપત આપી હતી. હવે જોવું એ રહ્યું કે નાયબ ઈજનેર ખાલી થાલા વચનો આપશે કે પછી સમસ્યા દૂર કરવામાં ખરા ઊતરશે.



અંકલેશ્વર GIDC વિસ્તારની કંપનીમાં આગ ભભૂકી ઊઠી

સોલ્વન્ટ ડિસ્ટિલેશન પ્લાન્ટમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

અંકલેશ્વર: અંકલેશ્વર GIDC વિસ્તારમાં આવેલી શ્યામ એન્ટરપ્રાઇઝ નામની કંપનીમાં સોલ્વન્ટ ડિસ્ટિલેશન પ્લાન્ટમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે દોડધામ મચી ગઈ હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ઊંચી અગનજ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂરથી નજરે પડતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અંકલેશ્વર DPMC, અંકલેશ્વર નગરપાલિકા તથા પાનોલી ફાયર વિભાગના અંદાજે 6થી 7 ફાયર ફાયટરો દ્વારા આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કંપનીના સોલ્વન્ટ ડિસ્ટિલેશન પ્લાન્ટમાં વિવિધ પ્રકારના સોલ્વન્ટને ગરમ કરી બાષ્પમાં ફેરવી ત્યારબાદ ઠંડા કરીને ફરી પ્રવાહી સ્વરૂપમાં મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન જ્વલનશીલ પદાર્થોનો ઉપયોગ થતો હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હોવાનું માનવામાં આવે છે. અંકલેશ્વર GIDCમાં ઔદ્યોગિક એકમોમાં વારંવાર આગના બનાવો સામે આવી રહ્યા છે ત્યારે ફાયર સેફ્ટીના નિયમોનું પાલન, પૂરતી સુરક્ષા વ્યવસ્થા અને આગ નિવારણનાં સાધનોની સજ્જતા અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે.

ડોલવણના વાંકલા પાસે હાઇવે પર આપેલું ડાયવર્ઝન જોખમી

અંધારામાં વાહનોને અકસ્માત થવાની ભીતિ



વ્યારા: નવસારી જિલ્લા અને ડોલવણને તાપીના મુખ્ય મથક વ્યારા સાથે જોડતા હાઇવે પર હાલ ડોલવણના વાંકલા ગામ નજીક આપવામાં આવેલું ડાયવર્ઝન જીવલેણ સાબિત થવાની સંભાવના વર્તાઈ રહી છે.

ડોલવણ તાલુકાના વાંકલા ગામ પાસે બ્રિજ નીચે ગત ચોમાસામાં ધોવાણ થતાં હાલ ત્યાં મેઇન્ટેનન્સની કામગીરીના કારણે ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.

આ ડાયવર્ઝન આપી લોકો માટે ભયજનક પુરવાર થાય તેવા રોડ પરથી વાહન વ્યવહાર બંધ કરાવી લોકોના જીવને જોખમમાં જતા અટકાવવાનો વિચાર અને તંત્રની કામગીરી યોગ્ય જ છે. પરંતુ ડાયવર્ઝન જે રસ્તા પરથી અપાયું છે તે રસ્તો જોતા તંત્રનો આ નિર્ણય ઉતાવળે લીધો હોય એમ કહી શકાય. કારણ કે જે રસ્તેથી આ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે તે રસ્તો અત્યંત બિસમાર છે અને ખાડાઓથી ભરેલો છે.

ડાયવર્ઝનમાં ડોલવણ તરફથી પ્રવેશતાં નદીની તરફ કોઈ રેલિંગ પણ નથી લગાવવામાં આવી. જેથી અંધારામાં જો કોઈ વાહન અંદર ઊતરી ગયું તો મોટો અકસ્માત થવાની અને કોઈનો જીવ જવાની સંભાવના નકારી શકાય નહીં.

સાથે જ આ રસ્તા પર ટ્રાફિક ખૂબ જ વધારે છે અને બસથી લઈને ટ્રક અને મોટાં વાહનો પણ આ રસ્તેથી અવરજવર કરી રહ્યા છે. ત્યારે રસ્તો ખૂબ જ સાંકડો હોવાથી અને રસ્તાની બંને તરફ અનેક જગ્યાએ ખાડા હોવાથી રસ્તો જોખમી સાબિત થઈ શકે છે એવી પણ સંભાવના વર્તાઈ રહી છે.

નેત્રંગ મામલતદાર કચેરીમાં બે માસથી આધારકાર્ડનું કામ બંધ

પોસ્ટ ઓફિસ અને બેંક ઓફ બરોડામાં જ હાલ આ કામગીરી ચાલે છે

નેત્રંગ: નેત્રંગ તાલુકા મામલતદાર કચેરી ખાતે જનસેવા વિભાગમાં ચાલતી આધારકાર્ડની કામગીરી છેલ્લા બે માસથી બંધ કરી દેવાતાં ૭૮ ગામની જનતા પરેશાન થઈ ગઈ છે. હાલ આ કામગીરી માત્ર પોસ્ટ ઓફિસ અને બેંક ઓફ બરોડામાં જ ચાલતી હોવાથી લોકોને ધરમના ધક્કા ખાવા પડી રહ્યા છે.

રાજ્ય સરકારનો અભિગમ છે કે પ્રજાના તમામ સરકારી કામકાજ એક જ જગ્યાએ થાય અને લોકોને વિવિધ કચેરીઓના ધક્કા ખાવાથી મુક્તિ મળે. તે માટે જ તાલુકા કક્ષાએ મામલતદાર કચેરી ખાતે જનસેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. નેત્રંગ ટાઉનમાં આવેલ મામલતદાર કચેરી ખાતે તાલુકાના ૭૮ ગામના લોકો તમામ સરકારી કામો માટે આવે છે. અહીં તમામ પ્રકારની કામગીરી માટે અલગ-અલગ વિભાગો કાર્યરત છે. જનસેવા વિભાગમાં વર્ષોથી આધારકાર્ડને લગતી કામગીરી માટે અલગ રૂમ ફાળવવામાં આવ્યો હતો અને કામગીરી સારી રીતે ચાલતી હતી.

પરંતુ છેલ્લા બે માસથી એકાએક કામગીરી બંધ કરી દેવાતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. હાલ આ કામગીરી નેત્રંગ ખાતે આવેલ મુખ્ય પોસ્ટ ઓફિસ (જીનબજાર) અને બેંક ઓફ બરોડા ખાતે ચાલે છે, ત્યાં પણ લોકોને ધક્કા ખાવા પડે છે. તેવા સંજોગોમાં તાલુકાનાં ૭૮ ગામના ગ્રામજનોની માંગ છે કે મામલતદાર કચેરી ખાતે આધારકાર્ડની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવે. નેત્રંગ તાલુકાની જનતાને પડતી તકલીફને ધ્યાને લઈ નાયબ કલેક્ટર, ઝઘડિયા અને જિલ્લા કલેક્ટર, ભરૂચ આધારકાર્ડની કામગીરી તાત્કાલિક શરૂ કરાવશે ખરા?

અંકલેશ્વર કોલેજમાં આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર: રોટરી ક્લબ ઓફ ભરૂચ નર્મદા નગરી દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે અંકલેશ્વરની શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'આત્મહત્યા નિવારણ માટે પ્રાથમિક સહાય' વિષય પર યોજાયેલા આ કાર્યક્રમમાં આશરે 150 વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ ખાસ કરીને યુવાનોમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ કેળવવાનો, આત્મહત્યાના સંભવિત ચેતવણીરૂપ સંકેતો ઓળખવા તથા મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિને સમયસર યોગ્ય સહાય મળી રહે તે અંગે માર્ગદર્શન આપવાનો હતો. આ પ્રસંગે રોટરી ક્લબના પ્રમુખ સમીર પંડ્યા, રોટેરિયન યેશા શેઠ, સેક્રેટરી શૈલેન્દ્ર રાણા, પૂર્વ કાઉન્સેલર જનકભાઈ શાહ, કોલેજના પ્રિન્સિપાલ જી.કે. નંદા સહિત પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

જંબુસરના સામોજમાં તળાવમાં મગર દેખાતાં ગ્રામજનોમાં ભય



ભરૂચ: જંબુસર તાલુકાના સામોજ ગામના મોટા તળાવમાં એક વિશાળ મગર નજરે પડતાં આસપાસના વિસ્તારમાં ભારે ભય ફેલાઈ ગયો હતો. તળાવના પાણીમાં ખુલ્લેઆમ વિચરતા આ મગરને કારણે ગામના લોકો અચંબામાં પડી ગયા છે. ખાસ કરીને આ તળાવમાં પશુઓ પાણી પીવા આવતા હોય ત્યારે તેમની સલામતીને લઈને પશુપાલકોમાં ચિંતા પ્રસરી ગઈ છે. સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે, આ કોઈ પ્રથમ ઘટના નથી. અગાઉ પણ જંબુસર તાલુકાનાં અનેક ગામોમાં મગરો દ્વારા માનવીઓ તેમજ મૂંગા પશુઓ પર જીવલેણ હુમલા કર્યાની ગંભીર ઘટનાઓ બની ચૂકી છે. નદી અને તળાવોની નજીક વસવાટ કરતા લોકો માટે આ મગરો હવે કાળ બનતા જઈ રહ્યા છે. સામોજ ગામના મોટા તળાવમાં દેખાયેલા આ મગરના કારણે નાનાં બાળકો અને ખેડૂતોની સુરક્ષા સામે મોટું પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. કારણ કે તળાવની આસપાસ સતત લોકોની અવરજવર રહેતી હોય છે. ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સામોજ ગામે આવીને મોટા તળાવમાં સર્ચ ઓપરેશન ચલાવવું જોઈએ અને આ મગરને વહેલી તકે પાંજરે પૂરી સુરક્ષિત સ્થાને ખસેડવો જોઈએ.

વાલોડના અંબાચમાં દીપડાને ફાવી ગયું, એક દીપડો પાંજરે

વનવિભાગની ટીમે સ્થળ પર પહોંચી દીપડાનો કબજો લીધો

વાલોડ: વાલોડ તાલુકાનાં ગામડાં જાણે દીપડાઓનું અભ્યારણ્ય બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. તાલુકાના અંબાચ ગામના નદી ફળિયામાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની દહેશત હતી. આ અંગેની જાણ વાલોડ વિસ્તરણ રેન્જના આર.એફ.ઓ. સમીર કોંકણીને થતાં તેમણે તાત્કાલિક પાંજરું મૂકવાનો આદેશ આપ્યો હતો અને આજ રોજ વનવિભાગે સફળ ઓપરેશન પાર પાડ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ હાલ વાલોડ વનવિભાગના તમામ કર્મચારીઓ, ફોરેસ્ટર અને બીટ ગાર્ડ આંદોલન/હડતાળમાં જોડાયા હોવા છતાં, વાલોડ વિસ્તરણ રેન્જના RFO અને RCSSG ટીમ દ્વારા તાલમેલથી દીપડાને પકડીને સુરક્ષિત કામગીરી કરી વાલોડ તાલુકામાં ખૂબ જ સરસ કામગીરી કરી રહ્યા છે.

નદી ફળિયા ના રહેવાસી અમરતભાઈ સુમનભાઈ ચૌધરી દ્વારા તા.31/10/2026ના રોજ અંબાચ ગામે દીપડો દેખાતાં ગ્રામજનોએ ફરિયાદ કરી હતી અને આખરે વનવિભાગને ફરિયાદ મળતા જ તે જ દિવસે સાંજે 6 વાગ્યે સ્થળ પર પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. તા.3/11/2026ના રોજ વહેલી સવારે 4:30 કલાકે 10થી 12 વર્ષનો દીપડો પાંજરામાં પુરાઈ ગયો હતો. વનવિભાગની ટીમે સ્થળ પર પહોંચી દીપડાને કબજો લીધો છે.

હાલ દીપડાને વાલોડ નર્સરી ખાતે રાખવામાં આવ્યો છે અને પશુ ચિકિત્સક દ્વારા તપાસ બાદ DCFના માર્ગદર્શન હેઠળ તેને સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડવામાં આવશે. આ સફળ રેસ્ક્યુ ઓપરેશનથી અંબાચ ગામના લોકોએ હાશકારો અનુભવ્યો છે.

હલદરવાના યુવકની લાશ મળી

ભરૂચ: હલદરવા ગામના 35 વર્ષીય યુવક ગુલશન વસાવા બુધવારે પોતાના ઘરેથી કોઈને કહ્યા વિના ક્યાંક નીકળી ગયો હતો. યુવક ઘરે પરત ન વળતાં તેના પરિવારજનોએ છેલ્લા એક અઠવાડિયાથી તેની શોધખોળ આદરી હતી. બાદ મંગળવારે શુકલતીર્થ પાસે આવેલા કડોદ ગામની નદીમાં કોઈક અજાણ્યો ડીકમ્પોઝ હાલતમાં મૃતદેહ મળી આવતાં લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. આ ઘટના બનતાં ગ્રામજનોએ તાત્કાલિક શુકલતીર્થ પોલીસ ચોકીને જાણ કરી દીધી હતી. આ બાબતે સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકીને પણ વાકેફ કરવામાં આવ્યા હતા. તેમણે તેમની ટીમ સાથે તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને નદીના પાણીમાંથી બહાર કાઢ્યો હતો. પ્રાથમિક ઓળખ બાદ ભરૂચ સિવિલ હોસ્પિટલમાં પીએમ કરાવવામાં આવ્યું હતું અને વધુ કાર્યવાહી પોલીસ વિભાગે હાથ ધરી છે.

Milano
MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
12:00pm, 06:00pm
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Nayyi Navelli - 04:00pm
Street Fither - 11:00am, 05:00pm
Prahar The Untold Of Ujjwal Nikam - 02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જાહેર ચેતવણી



આથી જાહેર જનતાને ચેતવણી આપતા જણાવવાનું કે, અમો નીચે સહી કરનાર હાસિમભાઇ કાસીમભાઇ અંસારી, રહે. પટેલ ફળિયું, મુ. પો. ખોલવડ, તા. કામરેજ, જી. સુરતનાં બાજુમાં બતાવેલ ફોટાવાળી વ્યક્તિ મારી પુત્રી નામે આરીફા હાસિમભાઇ અંસારી જેની ઉ. વ. આ. ૨૧, રહે. પટેલ ફળિયું, મુ. પો. ખોલવડ, તા. કામરેજ, જી. સુરતનાં તા. ૨૬/૧૦/૨૦૨૬ ના રોજ હમોને કહ્યા વગર ઘરેથી જતી રહેલ છે. તથા મારી પુત્રી મારા કહ્યામાં નથી. જેથી હવે પછી તેનો મારી સાથે કે મારા કુટુંબીજનો સાથે કોઈ સામાજિક કે આર્થિક સંબંધ રહ્યો નથી. તેને મારી સંપૂર્ણ સ્થાવર તથા જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે. જેથી કોઇપણ વ્યક્તિએ મારી પુત્રી નામે આરીફા હાસિમભાઇ અંસારી સાથે આ અગાઉ કોઇ નાણાંકીય લેવડ-દેવડ કરી હોય તો તેની કોઇ જવાબદારી હમોની રહેશે નહીં. અને હવે પછી તેની સાથે અમારા નામે નાણાંકીય લેવડ-દેવડ કે સામાજીક વ્યવહાર કરવો કરાવવો નહીં તેમ છતાં કરવામાં આવશે તો તે અંગેની તમામ જવાબદારી જે-તે વ્યક્તિની અંગત પોતાની રહેશે. તે માટે અમારી કે અમારા કુટુંબીજનોની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તારીખ: ૦૩/૧૧/2026

મારી સુચના અને ફરમાઇશ અન્વયે
હાસિમભાઈ કાસીમભાઈ અંસારી

અઝીમ વી. ખાન તે
હાસિમભાઇ કાસીમભાઇ અંસારીના એડવોકેટ,
મયુર નગર, કામરેજ ચાર રસ્તા, તા. કામરેજ જી. સુરત. મો. નં. ૯૯૦૪૫-૪૪૨૭૨

જાહેર નોટીસ મહે. કઠોર કોર્ટના સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં

CRMA J/1888/2026.
વકીલ શ્રી છાયાબેન સી. પટેલ, વકીલ શ્રી કલ્પના ડી. પટેલ.

અરજદાર : અલ્પેશકુમાર ઠાકોરભાઈ ટેલર,
વિરૂધ્ધ
સામાવાળા : ખોલવડ ગ્રામ પંચાયત કચેરી, (જન્મ-મરણ રજીસ્ટ્રાર/તલાટી કમમંત્રી શ્રી)

આ કામના અરજદારે ખોલવડ ગ્રામ પંચાયત કચેરી, મુ.પો.ખોલવડ, તા. કામરેજ, જી. સુરતના જન્મ મરણ રજીસ્ટરમાં જન્મ તા.૩૧/૦૫/૧૯૮૦ થી પોતાના જન્મની નોંધણી કરવા માટે અત્રેની કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અરજી કરી છે. જેની મુદત તા.૦૮/૧૨/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા. ૦૨, માહે નવેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી શ્રી
(કોર્ટનો સિક્કો)
આસી સિવિલ કોર્ટ કઠોર | સુપ્રિટેન્ડેન્ટ સિવિલ કોર્ટ | (જી. એમ. પટેલ) રજી. સિવિલ કોર્ટ કઠોર

શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પંડવાઈ

તા. હાંસોટ, જી. ભરૂચ, મો. નં. ૯૯૨૫૧ ૭૦૦૦૯, ૯૯૦૯૦ ૧૧૦૫૩

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી મંડળીના તમામ સભાસદશ્રીઓને જાણ કરવામાં આવે છે કે, મંડળીની "૩૬(છત્રીસ)" મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૧/૧૧/૨૦૨૬ને શનિવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે પંડવાઈ મુકામે સંસ્થાની ઓફિસના કંપાઉન્ડમાં રાખવામાં આવી છે. જેમાં સૌ સભાસદશ્રીઓને હાજર રહેવા વિનંતી છે. વાર્ષિક અહેવાલ સભાસદશ્રીઓને સંસ્થાના ગ્રામ પ્રતિનિધિશ્રીઓ / ટપાલ દ્વારા મોકલવામાં આવી રહયા છે. જો કોઈ સભાસદશ્રીને તા. ૧૫/૧૧/૨૦૨૬ સુધીમાં અહેવાલ ન મળે તો સંસ્થાની ઓફિસેથી શેર વિભાગમાંથી મેળવી લેવા વિનંતી.

સ્થળ : પંડવાઈ
તારીખ : ૦૩-૧૧-૨૦૨૬

વ્યવસ્થાપક સમિતિના આદેશથી
(મુકેશ પટેલ)
ઇ. મેનેજીંગ ડીરેક્ટર

સભાસદ જોગ સુચના

સંસ્થાના સભાસદ ભાઈઓ-બહેનોને જણાવવાનું કે નીચે જણાવેલ નંબરના શેર સર્ટીફિકેટ જે સભાસદને ફાળવવામાં આવ્યા હતા તેમના તરફથી અરજી આવેલ છે કે તેઓના શેર ખોવાઈ ગયેલ છે. તો આ અંગે કોઈ સભાસદને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી એક માસમાં સંસ્થાની ઓફિસના શેર વિભાગમાં જાણ કરવી. કોઈ સભાસદ તરફથી વાંધો આવશે નહી તો જે તે સભાસદને ડુપ્લીકેટ શેર કાઢી આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

શેર સર્ટીફિકેટ નંબર

૬૭૫૦, ૬૭૪૪ થી ૬૭૪૭, ૯૩૪૭૬, ૧૧૯૩ થી ૧૧૯૬, ૧૦૨૨૮૮ થી ૧૦૨૨૯૭, ૭૬૨૫૪, ૪૨૦૮ થી ૪૨૧૧, ૧૨૦૩૧૭, ૯૧૩૦૩, ૯૧૩૦૫, ૫૧૮૬ થી ૫૧૮૯, ૪૭૬૨, ૮૪૦૯, ૮૪૧૨, ૨૧૯૬ થી ૨૧૯૭, ૬૯૧૭૬, ૧૪૨૨૦ થી ૧૪૨૨૩, ૧૯૧૮૧ થી ૧૯૧૮૩, ૧૨૧૪૦ થી ૧૨૧૪૨, ૨૦૫૯૪ થી ૨૦૬૦૧, ૭૯૧૨૯ થી ૭૯૧૩૦, ૧૬૧૧૨૩, ૧૪૨૪૩, ૨૬૨૫૯ થી ૨૬૨૬૧, ૨૫૦૧૬ થી ૨૫૦૧૯, ૧૨૮૧૦ થી ૧૨૮૧૩, ૬૫૭૨૬ થી ૬૫૭૩૭, ૧૦૬૨૯ થી ૧૦૬૩૦, ૫૩૧૭૬ થી ૫૩૧૭૭, ૯૪૧૫૯ થી ૯૪૧૬૦, ૧૨૪૪૬, ૯૪૧૬૧ થી ૯૪૧૬૨, ૨૧૪૪૪ થી ૨૧૪૪૬, ૯૯૭૬૪ થી ૯૯૭૬૭, ૧૩૩૩૮, ૫૮૩૭૬, ૪૫૩૦૪ થી ૪૫૩૦૯, ૪૫૩૧૦ થી ૪૫૩૧૫, ૬૦૪૮૯ થી ૬૦૪૯૧, ૬૦૪૬૧ થી ૬૦૪૬૬, ૬૦૨૧૪, ૫૦૭૩૪ થી ૫૦૭૩૬, ૬૧૯૧૧ થી ૬૧૯૧૪, ૫૧૨૨૭ થી ૫૧૨૩૦, ૧૩૪૧૫૮ થી ૧૩૪૧૫૯, ૧૬૩૪૯૬ થી ૧૬૩૫૦૦

● સંસ્થાના તમામ સભાસદશ્રીઓને તા. ૦૧-૦૧-૨૦૨૭ થી તા. ૩૧-૦૫-૨૦૨૭ સુધી સભાસદની ખાંડનું વિતરણ કરવામાં આવશે.